## સ્ટાર્ટઅપ્સને સહયોગ કરતાં હિરજીનું EDII ખાતે લેક્ચર

# ‘આઈડિયાને ગ્લોબલ લેવલે તૈયારી સાથે મુકશો તો ચોક્કસ સફળ થશો’

**Talk on Startup**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ઈડીઆઈઆઈ ખાતે ફિક્કી ગુજરાત દ્વારા આયોજીત સેશનમાં સ્ટાર્ટઅપ્સને સહયોગ કરતાં લંડન એન્ડ પાર્ટનરના કેતના હિરજીએ ઉદ્યોગ સાહસિકતાના મૂળભુત સિદ્ધાંતો ઉપર સ્ટુડન્ટસને મોટીવેશનલ સ્પીચ આપી હતી. ઈડીઆઈઆઈના વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા વિશે વૈશ્વિક સ્તરે અપનાવાયેલી પ્રણાલીઓ વિસ્તૃત માહિતી આપવાના ઉદ્દેશ્ય સાથે ચર્ચા સત્ર યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપીને સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોરશિપ વિશે મુંઝવતા પ્રશ્નોના સલાવો કરીને સોલ્યુશન મેળવ્યું હતું. શ્રોતાઓના પ્રશ્નોના જવાબ આપતા હિરજીએ જણાવ્યું હતું કે, ‘ઈનોવેશન માટે ભારત શ્રેષ્ઠ દેશો પૈકીનું એક છે. બજાર સંચાલિત અભિગમનું આહ્વાન કરીને વિદ્યાર્થીઓને સ્થાનિક બાબતોને લક્ષ્યમાં રાખીને વૈશ્વિક વલણ અપનાવવાની જરૂર છે. તમારા આઈડિયાને ગ્લોબલ લેવલ પર સારી રીતે અને તૈયારી સાથે મુકશો તો ચોક્કસથી સફળતા મળશે.’

### ક્રેડલ દ્વારા માર્ગદર્શિત સ્ટાર્ટઅપને 1.16 કરોડનું ફંડ



સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ), આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા સંચાલિત ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર છે. ક્રેડલે પ્રથમ વર્ષમાં 30 આઈડિયાની પસંદગી કરી હતી અને 16 આઈડિયાને ટેકો આપ્યો છે. આ 16માં ત્રણ આઈડિયાને રૂ. 1.16 કરોડનું ડેટ ફંડીંગ મળ્યું છે અને 7 સ્ટાર્ટ-અપ્સને સ્ટાર્ટઅપ/ઈનોવેશન સ્કીમ હેઠળ ગુજરાત સરકાર પાસેથી ગ્રાન્ટ મળી છે.